॥ सा विद्या या विमुक्तये ॥

# શારદા

વર્ષ ૫ | ઑગષ્ટ ૧૯૮૪ | અંક ૨

# વાલીઓને,

## શાળા પ્રવેશ અને દાનપ્રથા

શાળાપ્રવેશને દાન સાથે સાંકળવું ન જ જોઇએ એવું અમે દઢ રીતે માનીએ છીએ, અને તેથી દાન લઇને પ્રવેશ આપવાની નીતિનો અમે હંમેશા અસ્વીકાર કર્યો છે. આ વસ્તુ સ્પષ્ટતાપૂર્વક અને ભારપૂર્વક અમે વધુ એકવાર જણાવીએ છીએ.

આજે પ્રવેશની સમસ્યાઓ ઉભી થઇ છે ત્યારે પણ દાન સિવાયના જ બીજા 'નોર્મ્સ' રાખીને પ્રવેશના નિર્ણયો લેવાનું અમે યોગ્ય માન્યુ છે. જેમકે ભૂતપૂર્વ વિદ્યાર્થીના બાળકો, જેમનાં ભાઇબેન અહિં અભ્યાસ કરતા હોય તેવા બાળકોને પ્રવેશમાં પ્રથમ પસંદગી અમે આપીએ છીએ. આ શાળામાં દાખલ થતાં વિદ્યાર્થીનું બહુ મોટું પ્રમાણ ઉપરોક્ત વિભાગમાંથી જ આવે છે.

જે બાળકોને પ્રવેશ ન મળે તેના વાલીને એમ કહેતા સાંભળીએ છીએ કે ગમે તે રીતે રસ્તો કાઢીને આને પ્રવેશ આપો ત્યારે સંદર્ભ સ્પષ્ટ હોય છે કે ડોનેશન આપીને પ્રવેશ લેવાની તેની તૈયારી છે. અમારે સ્પષ્ટ પણે તેમને જણાવવું પડે છે કે ડોનેશન આપીને પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય તેવા કિસ્સામાં પ્રવેશ ન જ આપવો એવી નીતિ અમે રાખી છે.

આમ છતાં અમારી પાસે એવા કિસ્સા પણ આવે કે જેમાં વચ્ચેની કોઇ વ્યક્તિ દ્વારા પ્રવેશની ગોઠવણ થઈ હોય છે. આવી રીતે ધ્યાન ઉપર આવેલ કિસ્સાઓમાં તેવા પ્રવેશ રદ કરવાની દુઃખદ ફરજ અમારે બજાવવી પડી છે. આપેલો પ્રવેશ રદ કરવો તે અત્યંત મુશ્કેલ છે અને તે દુઃખદ પણ છે. છતાં તેવા પ્રવેશ રદ કરવાનું અમે મુનાસિબ માન્યુ છે.

દાનવડે પ્રવેશ ન આપવાની અમારી વિચારસરણીથી આ સંસ્થામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ સુપરિચિત છે. જેમના બાળકને આ સંસ્થામાં પ્રવેશ ન મળ્યા હોય તેઓ તેમના બાળકને પ્રવેશ ન મળ્યાનું કારણ ગમે તે કલ્પે તે પણ સમજી શકાય તેવું છે. આમ છતાં આ સંસ્થામાં જેમનાં બાળકો અભ્યાસ કરે છે, તે સૌ વાલીઓના ધ્યાન ઉપર અનિયમિત પ્રવેશ અંગેનો કેસ ધ્યાન પર આવે તો અમારી જાણમાં લાવવા વિનંતી કરું છું.

હિતુભાઈના વંદન

## મારો મનાલીનો પ્રવાસ

પહાડોમાં ઘૂમવાનું મને પહેલેથી બહુ ગમે અને જ્યારે મને ખબર પડી કે વર્લ્ડ વાઇલ્ડ લાઈફ તરફથી મનાલીમાં કેમ્પ યોજવાનો છે ત્યારે મેં તરત જ તેમાં મારૂ નામ નોંધાવી દીધું ને એ દિવસોની રાહ જોવા લાગ્યો.

૨૫મી મે એ અમે દિલ્હી જવા નીકળ્યા. ૪૦ કલાકની લાંબી મુસાફરી કરીને અમે દિલ્હી પહોંચ્યાં ત્યારબાદ બસની ૧૭ કલાકની મુસાફરી કરીને અમે મનાલી પહોંચ્યાં

અમારો કેમ્પ કુલ પંદર દિવસનો હતો, પહેલાં દસ દિવસ વસિષ્ઠ અને પાંચ દિવસ ગુલાબા, એમ બે જુદા જુદા સ્થળે અમારે રહેવાનું હતું. ખાસ કરીને કુદરતનાં સૌંદર્યને માણવા માટે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ વસિષ્ઠ મનાલીથી ત્રણ કિલોમીટર દૂર હતું વસિષ્ઠમાં ગરમ પાણીનાં ઝરણાં હતાં ત્યાં નહાવાની મઝા અનેરી હતી. દરેક સ્થળે અમે તંબૂમાં જ રહેતાં હતાં અમે રોજ સવારે વહેલાં ઉઠી એટલી ઠંડીમાં પણ ગરમ કપડાં પહેર્યા વગર નાસ્તા માટે તૈયાર થઇ જતાં હતાં નાસ્તો કરીને પછી અમે જુદાં જુદાં સ્થળોએ ફરવા જતાં હતાં અમને સવારે અને રાત્રે ઠંડી ખૂબ લાગતી પણ બપોરે કયારેક ગરમી પણ લાગતી હતી, વળી કયારેક વરસાદનાં ઝાપટાં પણ પડતા હતાં, એક વારતો એવો સખત વરસાદ આવ્યો કે તંબૂમાં મૂકેલો અમારો બધો સામાન ભીનો થઈ ગયો.

અર્જુનગુફા, પાંડુરોપા અને હિમાલયનું ખાસ મૌનાલ ફેઝન્ટ પણ અમે જોયાં અમને નદી પાર કરવાની પર્વત ઉપર ચઢવાની ને ઉતરવાની ખાસ તાલીમ આપવામાં આવી હતી,

ગુલાબા ૧૧૦૦૦ ફીટની ઊંચાઈએ આવેલું છે. અમે રોજનાં ૭ કિલોમીટર ચાલતાં ચાલતાં ત્યાં પહોંચ્યા આટલું બધું ચાલવાનો આ મારો પહેલો અનુભવ હતો નાદુરસ્ત તબીયતનાં કારણે ભૃગુલોક, ગુલાબપીક, રોહતાંગ પાસ હુ ન જઈ શકયો. તેનું મને ખૂબ દુઃખ છે છતાંય આ પ્રવાસને હું જીંદગીમાં કયારેય ભૂલી નહી શકું.

નીરજ પ્રદીપભાઈ શોધન ધો. ૫અ

નદીમાં આવ્યાં પૂર,
જશો ના દૂર દૂર,
ભરાયાં સઘળે પાણી,
જશે તમને તાણી

**ધારા પરીખ ૭ બ**

ફાયર બ્રીગેડ રે ધમ, ધમ ધમ,
આમતેમ ઘૂમતી, આગ બુજાવતી
પાઈપથી બુજાવતી, પાણીથી બુજાવતી
ધમ, ધમ ધમ,
અમે તો રમતા'તા, ચોર સિપાઈને
ફાયર બ્રીગેડ આવી ધમ ધમ ધમ,
આમતેમ દોડતા આગ દેખાઈને,
પાણી તો છાંટયું ફર ફર ફર
આગ બુજાઈ ગઈ ઝટ પટ ઝટ.

**ભટ્ટ સ્નેહલ રૂદ્રેશભાઈ ૧ અ**

## નદી

ડુંગરમાંથી રમતી આવે
જાયે દરિયા દેશ
ખળખળ કરતી ગાણું ગાતી
પહેરી નવલા વેશ

**અભિષેક શાહ ૪ ક**

મચ્છર જી તો નાનકડા
નાનકડા પણ મારકણા
ચટાક દઈને ચટકો ભરે
મચ્છરથી તો બધાં ડરે

**મેહુલ શાહ ૬ ક**

મારા અંતરમાં પ્રભુ ! તું વસજે
મારા બોલમાં પ્રભુ ! તું હસજે
મારી આંખોમાં તેજ બનીને રહે
મારા જીવનમાં પ્રભુ ! આપ વહો

**આશિષ જે પટેલ ૩ બ**

પંખી ઉડે ઉંચે આકાશે
એ જોઈ થઈ જાય મને
આપ પ્રભુ તું પણ મને
પંખી જેવી બે સુંદર પાંખ

**મૃણાલ ઉ. શાહ ૫ અ**

ચંદ્ર જેવા શીતલ બનો
સૂર્ય જેવા તેજસ્વી બનો
તારા જેવા નિર્મળ બનો
ફુલ જેમ હસતાં શીખો
વૃક્ષની જેમ વધતાં શીખો
કીડીની જેમ ચડતાં શીખો
નદી વહે તેમ વહેતાં જાઓ
ધરતી સહે તેમ સહતાં જાઓ
પ્રગતિ કરવી છે ? કરતાં જાઓ

**સંકલન : મીનલ પટેલ ૮ બ**

હે ! ચકલી તું શીદ બાંધે માળા.
મારા ઘરમાં છે સૌ ગુસ્સાવાળા,
તારા જરૂર પાડશે નીચે માળા.
હે ! માનવ નહી દયાભાવ તારામાં,
કોણ મૂકે વિશ્વાસ તારામાં,
ચપટી દેતો તું ચણ,
પણ દુઃખી કરતો આ મન,
ઘર બહાર ફેંકતો આ માળા મારા,
નહીં સમજતો એ પાપ તારા.

**ઉર્વશી પી. રાવલ ૧૧ અ**

## વરસાદની મજા

"અરે સંદીપ! જો તો ખરો, કેટલો સરસ વરસાદ આવે છે! કેવો સરસ ઠંડો પવન વાય છે! ચાલને આપણે વરસાદમાં નહાવા જઈએ. છબછબિયાં કરવાની બહુ મઝા આવશે. "પણ ચાલુ વર્ગે ? સાહેબ ના પાડશે, રહેવા દે" ના હું તો જઈશ જ, મારે તો મઝા કરવી જ છે." ને કુલીને વર્ગમાં શિક્ષકને પૂછયું "સાહેબ, મને ખૂબ તરસ લાગી છે પાણી પીવા જાઉ ?," ને કુલીન પાણી પીવાનુ બહાનું બતાવી દોડતો વર્ગની બહાર નીકળ્યો. "શુ પલળવાની મઝા આવે છે! મમ્મી અને શિક્ષક કોઈએ પણ આવી મઝા કદીય કરી હોય તો ખબર પડે ને!

બાળકોની આ સાહજીકવૃત્તિ, પરંતુ તેની પાછળનું પરિણામ શરદી સળેખમ તાવ ...માંદગી.... એનો ખ્યાલ એ નાદાન બાળકને કયાંથી આવે? ને એટલે જ એ પરિણામોનો ખ્યાલ આપી બાળકોને તેમનાં આરોગ્યનાં રક્ષક તેઓ પોતે જ બને, તેમનામાં સ્વરક્ષણની જાગૃતિ આવે તે જોવું તે બહું જ જરૂરી છે. તે માટેનાં રેઈનકોટ કે છત્રી જેવાં સાધનો, તેનો ઉપયોગ શા માટે જરૂરી છે, ન વાપરવાથી શું થાય વિગેરેનો ખ્યાલ બાળકોને નાની ઉંમરથી આપવો જરૂરી છે. શાળામાં આ અંગે ખૂબ ધ્યાન અપાય છે. વરસાદનાં દિવસોમાં કયારેક એને અનુસરીને ઘંટ વગાડવાનાં સમયમાં પણ ફેરફાર કરવામાં આવે છે. છતાંય આ બધાંને એક મર્યાદા હોય છે. મોડી કે વહેલી રીસેસ આપવી પડે જ, થોડો વહેલો કે મોડો છૂટવાનો ઘંટ પણ વગાડવો તો પડે જ, આવે વખતે વાલીઓ તરફથી બાળકમાં, તેમને કેમ, શા માટે, કેવીરીતે ન પલળાય તેની તકેદારી રાખવાની, પણ સમજ આપવામાં આવી હોય, સાધનો આપવામાં આવ્યાં હોય, તેનાં ઉપયોગનો આગ્રહ રખાતો હોય તો શાળાનાં આ પ્રયત્નમાં ઘણો સહકાર સાંપડે.

**ઉર્મિલા શાહ**

## ॥ तस्मै श्री गुरवे नमः ॥

ગુરુઓ અને શિષ્યો કયાં નથી ? અત્ર, તત્ર અને સર્વત્ર જોવા મળે છે. ગુરુઓ પ્રત્યે આદરભાવ ખાસ અપેક્ષિત છે. आचार्य देवो भव । આ કથન ઉપનિષદ્દનું છે. પ્રથમ માતાને, દ્વિતીય પિતાને અને તૃતીય ગુરુને દેવ તરીકે માનવાનું ઉપનિષદ્દમાં કહેવામાં આવ્યું છે. આપણી સંસ્કૃતિ માં પાંચ પ્રકારના પિતા કહેવામાં આવ્યા છે. (૧) જન્મદાતા (૨) વિદ્યાદાતા (૩) અન્નદાતા (૪) ભયત્રાતા (૫) પાલન કરનાર.

આમ વિદ્યા આપનાર પિતા છે. જેમ પિતા તરફ સ્નેહ, સહૃદયતા અને આદરભાવ જરૂરી છે. તેમ પોતાના શિક્ષકો તરફ પણ ઉપરોક્ત ભાવો અપેક્ષિત છે. શિક્ષકોના સદ્ગુણોનું વિદ્યાર્થીઓએ અનુકરણ કરવું જોઇએ. શિક્ષકો જે સારી વાતો કહે તેનું મનન કરવું જોઇએ તેમજ બને તેટલું આચરણમાં મૂકવું જોઇએ વિદ્યાર્થીઓમાં અવિવેક કે ઉદ્ધતાઈ ન જ હોવા જોઇએ. અતિ તેજસ્વી વિદ્યાર્થી નમ્રતાના અભાવે સુવાસ વિનાના પુષ્પ જેવો ગણાય છે.

વિદ્યાર્થીઓને કડક શિસ્તના આગ્રહી શિક્ષકો ગમતા હોય છે. પરંતુ તે શિક્ષકો પણ વિનયી અને નમ્ર હોવા જરૂરી છે. ખરેખર શિક્ષકોએ વિદ્યાર્થીઓને વાત્સલ્ય ભાવ થી પ્રોત્સાહિત કરવા જોઇએ તેઓને પ્રગતિના પંથે દોરી જવા જોઇએ. ગુરૂજનો અને શિષ્યો માટે આ અંગ્રેજી ઉક્તિ ખૂબ સરસ છે.

"The school is a garden, The teachers are gardeners and the students are tender flowers"

અંતે પુનઃ કહું તો શિક્ષકોએ વિદ્યાર્થીઓના માર્ગ ને પ્રેમ અને પ્રોત્સાહનથી સીંચવો જોઇએ. આટલું થતાં શાળામાં સ્વર્ગીય વાતાવરણ ઊભું થશે જેની વર્તમાન સમાજને જરૂર છે.

**દેવેન્દ્રભાઈ ઠાકરના વંદન**

---

### સંસ્થાકીય સમાચાર અનુસંધાન પાન ૪ ચાલુ

તા. ૩/૪ માર્ચના રોજ ધોરણ ૮ માટે પ્રથમવાર લેવાયેલી **પ્રખરતા શોધ** કસોટીમાં શાળાનાં નીચેના વિદ્યાર્થીઓ ઇનામ મેળવે છે તે માટે તેમને અભિનંદન....

| | | |
|---|---|---|
| ગણિત :- | બારોટ જ્યોતિ ઇન્દ્રવદન | ત્રીજુ ઇનામ |
| | શાહ ચિરાગ દિપકભાઇ | પાંચમું ,, |
| | બાવીસી નેહા અનિલકુમાર | ,, ,, |
| | જોષી તેજશ્રી ચંદ્રમૌલી | ,, ,, |
| | દેસાઈ મેઘા તુષારભાઇ | આઠમું ,, |
| વિજ્ઞાન :- | ખાંડવાલા જીજ્ઞેશ મધુસુદનભાઇ | ત્રીજુ ઇનામ |
| | સુતરીઆ ડિમ્પલ નરેન્દ્રભાઇ | પાંચમું ,, |
| | ફોજદાર બિરેન સુધીરભાઈ | ,, ,, |
| | રાવલ ભરત કાંતીલાલ | સાતમું ,, |
| સમાજવિદ્યા :- | બાવીસી નેહા અનિલકુમાર | બીજુ ઇનામ |
| | દેસાઈ મેઘા તુષારભાઇ | ચોથુ ઈનામ |
| અંગ્રેજી :- | ભાઉ ગુંજન ધનેશભાઈ | ચોથું ઈનામ |
| | શાહ મેહુલ મણિકાન્તભાઈ | દસમું ઈનામ |

### આંતરગૃહ નેતાઓની નિમણુંક

ઈતરપ્રવૃત્તિને અનુલક્ષીને સંસ્થામાં આંતરગૃહની યોજના કરવામાં આવી છે. જેમાં અત્યાર સુધી ચારગૃહ જેનાં સિનિયર અને જુનિયર વિભાગ તેવી યોજના હતી. આ વર્ષથી જુનિયર વિભાગને બદલે ધોરણ ૫,૬,૭નાં જુદા જ ચાર ગૃહનું આયોજન કરવામાં આવ્યું છે. જેના નેતાઓની નિમણુંક નીચે પ્રમાણે કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| મેઘનાદ : | ભાઇઓ | મહેતા પ્રણવ પર્યુષભાઇ | ૭ બ |
| | બહેનો | પટેલ તૃપ્તિ | ૭ બ |
| રત્નદીપ : | ભાઇઓ | પટેલ પ્રજ્ઞેશ | ૭ બ |
| | બહેનો | શાહ ઊર્વી | ૭ બ |
| ધવલગિરિ : | ભાઇઓ | મહેતા મિતેન | ૭ બ |
| | બહેનો | શાહ વિરતી | ૭ બ |
| ગંગોત્રી : | ભાઇઓ | શાહ કેયૂર | ૭ બ |
| | બહેનો | પટેલ આશિની | ૭ બ |

શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ **શ્રી અમર ભટ્ટ, મેહુલ કાપડીઆ શ્રી ગોપી શાહ** અને **શ્રી કાનન કાપડીઆએ** મંગળવાર તા. ૭-૮-૮૪ના રોજ ધો. ૧૦, ૧૧, ૧૨ નાં વિદ્યાર્થીઓ સમક્ષ સુગમ સંગીતનો સુંદર કાર્યક્રમ રજુ કર્યો.

---

### શ્રદ્ધાંજલી

આ સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની **ચિ. મન્નાના** દુઃખદ અવસાનની નોંધ લેતાં ખૂબ જ વ્યથા અનુભવીએ છીએ. છેક બાલમંદિરથી હાઇસ્કુલ સુધીનો અભ્યાસ આ શાળામાં કરતાં કરતાં બેન મન્નાએ સંસ્થાની બધી જ પ્રવૃત્તિઓમાં ભારે રસ અને પ્રાવિણ્ય દર્શાવ્યું હતું. ગરબા હોય, રમત ગમત હોય કે પ્રવાસ હોય પરંતુ મન્ના તો તે બધામાં હોય જ ઈશ્વર તેનાં આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

# સંસ્થાકીય સમાચાર

**સંસ્થાનો સ્થાપના દિન :-**

તા. ૩-૮-૮૪ શ્રાવણ સુદ ૭ને શુક્રવારે શાળાનો સ્થાપનાદિન ઉજવવામાં આવ્યો. સંસ્થા ૬૦ વર્ષ પૂરા કરીને ૬૧માં વર્ષમાં પ્રવેશ કરતી હોવાથી શાળાના વિદ્યાર્થીઓનો ઉત્સાહ અનેરો હતો. આ પ્રસંગે બાળમંદિરના બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક સૌ સૌનાં ઓરડાઓ, જાતે બનાવેલાં સુંદર મઝાનાં તોરણો. હસ્તકલાના નમૂના અને ફૂલોથી શણગાર્યા હતા. જાતે બનાવેલી ધજાઓ લઈ બાળકોએ સંગીત સાથે કૂચ કરી અને કઠપૂતળીનો સુંદર ખેલ પણ માણ્યો. સંસ્થાના સ્થાપનાદિનની વાત એમની આ પ્રવૃત્તિને કારણે વાલીઓ સુધી પહોંચી એવા સુંદર પ્રતિભાવ અમને મળ્યા. ધોરણ ૧. ૨, ૩, અને ૪નાં બાળકો માટે રમતગમતો યોજાઈ ઉપરાંત ધોરણ ૪નાં વિદ્યાર્થીઓ માટે સુલેખન અને ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી. ધોરણ ૫. ૬. ૭નાં વિદ્યાર્થીઓ માટે આંતરગૃહ સુગમ સંગીત સ્પર્ધા યોજવામાં આવી. ધોરણ ૮ અને ૯નાં વિદ્યાર્થીઓએ પણ આંતરગૃહ સુગમ સંગીત સ્પર્ધા યોજી ત્યારબાદ ચાર વાગે સંસ્થાના પ્રમુખ પૂ. **ચંદ્રકાન્તભાઇ ગાંધીના** આશીર્વચન બાદ તેમનાં શુભહસ્તે ગત વર્ષ દરમ્યાન વિવિધ સ્પર્ધામાં વિજેતા નિવડેલા ભાઇબેનોને **પ્રમાણપત્રો** એનાયત કરવામાં આવ્યા. આ પ્રસંગે શ્રી દિનુભાઈ તથા શ્રી દેવેન્દ્રભાઈએ પણ પ્રાસંગિક પ્રવચનો કર્યા. ધોરણ ૧૦, ૧૧, ૧૨ના વિદ્યાર્થીઓ માટે શ્રી કુમારપાળભાઇ દેસાઈનું પ્રવચન યોજવામાં આવ્યું હતું. તેમણે ક્રિકેટને અનુલક્ષીને ખૂબ રસમય પ્રવચન આપ્યું આમ સ્થાપના દિન ખૂબ ઉમંગભેર ઉજવવામાં આવ્યો.

**સુગમ સંગીત સ્પર્ધા**

**તા. ૩-૮-૮૪ને રોજ યોજાયેલ સુગમ સંગીત સ્પર્ધાનું પરિણામ**

**સિનીયર વિભાગ**

| | | |
|---|---|---|
| પ્રથમ | ૧ વ્યાસ મૌસમી | ચંદ્રમૌલિ |
| | ૨ ત્રિવેદી બિંજન | મેઘદૂત |
| દ્વિતીય | ૧ ભટ્ટ શમિક | ગીતગોવિંદ |
| | ૨ વસાવડા હેતલ | પદ્મપૂકુર |

**જુનિયર વિભાગ**

| | | |
|---|---|---|
| પ્રથમ | ૧ દવેટીયા વિવેક | ગંગોત્રી |
| | ૨ શુકલ અપરાજિતા | મેઘનાદ |
| દ્વિતિય | ૧ પંડયા બિમલ | રત્નદીપ |
| | ૨ શાહ નીપા | ગંગોત્રી |

સૌ વિજેતા ભાઇબેનોને અભિનંદન....

તા. ૩-૮-૮૪ને શુક્રવારે સંસ્થાના સ્થાપનાદિન નિમિત્તે ધોરણ ૪ની સુલેખન અને ચિત્ર હરિફાઈ યોજાઇ હતી જેમાં નીચેનાં ભાઇબેનો વિજેતા નીવડે છે તે માટે તેમને અભિનંદન........

**સુલેખન હરિફાઇ**

પ્રથમ (૧) **દલાલ સજની શ્રેયસભાઈ ૪ ब**
દ્વિતિય (૨) **શાહ નેહલ નરેન્દ્રભાઈ ૪ ब**

**ચિત્ર હરિફાઇ**

પ્રથમ (૧) **મુનશી સિરાલી અતુલભાઈ ૪ क**
દ્વિતિય (૧) **કંસારા શીતલ પ્રબોધભાઇ ૪ क**
(૨) **દેસાઈ ક્રીશ્વા ચૈતન્યભાઈ ૪ क**

કોરિયામાં ભરાયેલ ૨૫માં વર્લ્ડ સ્કૂલ ચીલ્ડ્રન આર્ટ એક્ઝીબીશન ૮૩ માં ધોરણ ૫ अ માં અભ્યાસ કરતી ચિ. રાધિ જીનેષભાઇ ધૂળધોયાને તેના ચિત્ર "ઓન ધ બાયસીકલ" માટે સીલ્વર મેડલ મળ્યો છે. આ પહેલા ૧૯૮૨ અને ૧૯૮૩માં પણ બેન રાધિએ ગુજરાત રાજ્ય લલિતકલા એકાદમી તરફથી રૂ. ૫૧ અને રૂ. ૧૦૧નું ઇનામ પ્રાપ્ત કરેલ છે. અભિનંદન.....



ચિ. ભાઈ હેનલ એન. શ[illegible] જે બાળમંદિરથી ધોરણ દસમા સુધી આપણી શાળાનાં તેજસ્વી વિદ્યાર્થી હતાં. અંગ્રેજી માધ્યમની ઇચ્છાથી તેઓ એમ. કે. સેકન્ડરી સ્કુલમાં દાખલ થયા તેઓ સમગ્ર ગુજરાતમાં સામાન્ય પ્રવાહમાં પ્રથમ આવ્યા આ વર્ષે પણ તેઓએ ગુજરાત યુનિવર્સીટીમાં એફ. વાય. બી. કોમ પરિક્ષામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. શાળાનાં વિદ્યાર્થીની આ સિધ્ધિ બદલ સંસ્થા ગૌરવ અનુભવે છે.

અનુ. ૩ પાન ઉપર

**Laugh and world will laugh with You,**
**Cry and cry Alone**

તંત્રી, મુદ્રક, પ્રકાશક : દિનુભાઇ દ. દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, નવા શારદામંદિર રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટે. નં. ૪૧૨૭૮૮